| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK010019412026 | सत्यमेव जयते | દાખલ તારીખ | ૨૧/૦૫/૨૦૨૬ | | |
| | | રજીસ્ટર્ડ તારીખ | ૨૧/૦૫/૨૦૨૬ | | |
| | | નિકાલ તારીખ | ૩૦/૦૫/૨૦૨૬ | | |
| | | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૦ | ૦૯ |

---

**પાલનપુરના મહે. છઠ્ઠા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. પાલનપુર.**
**ક્રિ.પર.અ.નં. ૬૦૦/૨૦૨૬**

---

**આંક – ૦૭**

(૧) અમીન જુમ્માખાન પઠાણ
ઉ.વ. ૪૦, ધંધો. પ્રાઈવેટ નોકરી,

(૨) જમીલાબેન જુમ્માખાન પઠાણ
ઉ.વ. ૬૪, ધંધો. ઘરકામ,
બંને મૂળ રહે. પ્લોટ નં. ૧૩૧, કેશવકુંજ,
પો. કિડાણા, ગાંધીધામ, તા. ગાંધીધામ,
જિલ્લો. કચ્છ.
હાલ રહે. ચંદ્રોડા, તા. બેચરાજી,
જિલ્લો. બનાસકાંઠા.
બંને હાલ રહે. સબજેલ, પાલનપુર. **....અરજદાર**

**વિરૂધ્ધ**

શ્રી સરકાર
જિલ્લા સરકારી વકીલશ્રી પાલનપુર. **....સામાવાળા**

---

અરજદારો તરફે વિ. વ. શ્રી એમ. એમ. સિંધી.

શ્રી સરકાર તરફે એડી. પી. પી. શ્રી ડી. કે. પુરોહિત.

---

**બાબત: –** બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા અંગે..

**:– ચૂકાદો–:**

(૧) આ કામના અરજદાર/આરોપીઓ સામે મહિલા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૯૫૦૦૬૨૫૦૦૨૨/૨૦૨૫, બી. એન. એસ. ની કલમ ૮૫, ૨૯૬(બી), ૧૧૫(૨), ૩૫૧(૨), ૫૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩, ૭ મુજબનો ગુનો નોંધાયેલ છે અને હાલમાં તેઓ જયુડી. કસ્ટડીમાં છે તેથી અરજદાર/ આરોપીઓએ હાલની આ અરજી બી. એન. એસ. એસ. ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીઓની અરજી અન્વયે આ કામના સામાવાળાને નોટીસ કરતાં સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી ડી. કે. પુરોહિત આંક. ૦૫ ની પુરસીસથી હાજર થયેલ છે.

(૩) અરજદાર/ આરોપીઓની અરજી અન્વયે આ કામના ત.ક.અ. શ્રી એ આંક.૦૬ થી પોતાનું સોગંદનામું રજૂ કરેલ છે જેમાં તેઓએ અરજદારો ની અરજીનો વિરોધ કરેલ છે અને તેમણે અરજદારોને જામીન મુકત ન કરવા માટે વિનંતી કરેલ છે.

(૪) અરજદાર/આરોપીઓ તરફે વિ. વ. શ્રી એમ. એમ. સિંધીને સાંભળ્યા. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામના અરજદારો નિર્દોષ છે. તેમણે કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. આ કામે સજા અંગેની જોગવાઇ ધ્યાનમાં લેતાં ૭ વર્ષ સુધીની સજા અંગેની જોગવાઇ છે. અરજદાર/આરોપીઓ આરોપી મતીનને કોઇ ચઢામણી કરેલ નથી કે ફરીયાદી પાસેથી દહેજની માંગણી કરી તેને શારીરિક માનસ્કિ ત્રાસ આપેલ નથી. આ કામે તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. ચાર્જશીટ પણ ફાઇલ થઇ ગયેલ છે. કેસ ચાલતાં લાંબો સમય જાય તેમ છે. તેમનો કોઇ ગુનાહિત ઇતિહાસ

નથી. તેઓ સ્થાનિક રહેવાસી છે. ટ્રાયલ દરમ્યાન તેઓ નિયમિત હાજર રહેવાની ખાત્રી આપે છે. તેઓ જામીન આપવા તૈયાર છે. કયાંય નાસી ભાગી જાય તેમ નથી. તેઓ શરતોનું પાલન કરવા તૈયાર છે. તેમ જણાવી તેમણે તેઓને જામીન પર મુકત કરવા માટે રજૂઆત કરેલ છે.

(૫) શ્રી સરકાર તરફે એડી. પી. પી. શ્રી ડી. કે. પુરોહિતને સાંભળ્યાં. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામના આરોપીઓએ મુખ્ય આરોપી મતીનને ચઢામણી, ફરીયાદી પાસેથી દહેજની માંગણી કરી તેને શારીરિક માનસ્કિ ત્રાસ આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હોવાથી તેમણે તેમને જામીન પર મુકત નહીં કરવા માટે રજૂઆત કરેલ છે.

(૬) બંનેની દલીલો ધ્યાને લીધી. રજૂ કરેલ દસ્તાવેજો ધ્યાને લીધા. એફ. આઇ. આર. વંચાણે લીધી. ચાર્જશીટ વંચાણે લીધું. પોલીસનું સોગંદનામું ધ્યાને લીધું. આ કામના આરોપીઓ વિરૂધ્ધ મહિલા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૯૫૦૦૬૨૫૦૦૨૨/૨૦૨૫, બી. એન. એસ. ની કલમ ૮૫, ૨૯૬(બી), ૧૧૫(૨), ૩૫૧(૨), ૫૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩, ૭ મુજબના ગુનાનો આક્ષેપ છે પરંતુ ચાર્જશીટ થઇ ગયેલ છે તેમજ સજા અંગેની જોગવાઇ ૭ વર્ષ સુધીની છે. તેઓ સ્થાનિક રહેવાસી છે. અરજદાર નં. ૧ તા. ૧૯/૫/૨૦૨૬ થી તથા અરજદાર નં. ૨ તા. ૨૦/૦૫/૨૦૨૬ થી જયુડીકસ્ટડીમાં છે. અદાલતમાં કેસનો ભરાવો જોતાં તેમને જામીન પર મુકત કરવામાં ન આવે તો, તેમને પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ બનવું પડે તેમ છે. તેમનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી. તે ઉપરાંત આ કામના મુખ્ય આરોપી જામીન મુકત છે. તેમજ ટ્રાયલ દરમ્યાન તેઓ હાજર રહેવાની ખાત્રી આપે છે. તેઓ જામીન આપવા તૈયાર છે તેમજ તેઓ શરતોનું પાલન કરવા માટે પણ તૈયાર છે. તે સંજોગોમાં તેમને જામીન પર મુકત કરવાની વિવેધ બુધ્ધિની સત્તા તેમની તરફેણમાં વાપરવી યોગ્ય જણાતું હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:– હુ ક મ –:**

(૧) અરજદાર/આરોપીઓની પ્રસ્તુત જામીન અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી નં. ૧ અમીન જુમ્માખાન પઠાણ, નં. ૨ જમીલાબેન જુમ્માખાન પઠાણ નાઓને મહિલા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૯૫૦૦૬૨૫૦૦૨૨/૨૦૨૫, બી. એન. એસ. ની કલમ ૮૫, ૨૯૬(બી), ૧૧૫(૨), ૩૫૧(૨), ૫૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩, ૭ મુજબના ગુનાના કામે પ્રત્યેકને રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત–મુચરકો સંબંધિત અદાલત સમક્ષ આવ્યેથી નીચેની શરતોને આધિન જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

૧. અરજદાર/આરોપીઓએ કેસની ટ્રાયલ ચાલતાં સુધી ભારત દેશની હદ છોડવી નહીં.

૨. અરજદાર/આરોપીઓ પાસપોર્ટ ધરાવતા હોય તો તાત્કાલીક રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું સંબંધિત કોર્ટમાં કરવું.

૩. અરજદાર/આરોપીઓએ ફરીયાદ પક્ષના સાહેદોને ધાકધમકી આપવી નહીં, સાક્ષીઓને ફોડવાના પ્રયત્નો કરવા નહીં કે ફરીયાદ પક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહીં.

૪. અરજદાર/આરોપીઓએ જામીન–મુક્તિની સ્વતંત્રતાનો કોઈપણ રીતે દુરઉપયોગ કરવો નહીં, કોઈ ગેરલાભ ઉઠાવવો નહીં કે ફરીયાદ પક્ષના કેસને પ્રતિકૂળ અસર થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

૫. અરજદાર/આરોપીઓએ અન્ય કોઈ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિ કરવી નહીં કે પોતાની જાતને કોઈપણ ગુનાહીત પ્રવૃત્તિ સાથે સાંકળવી નહીં.

૬. અરજદાર/આરોપીઓના રહેણાંકનું કાયમી સરનામું ફોન નંબર સહિત તેમના જામીનદારે જાહેર કરવું.

૭. અરજદાર/આરોપીઓએ કેસની ટ્રાયલ દરમ્યાન અદાલત સમક્ષ નિયમિત રીતે હાજર રહેવું.

૮. ઉપરોકત શરતો પૈકી, કોઈપણ શરતનો ભંગ થશે તો, અરજદાર / આરોપીઓની જામીન–મુક્તિનો હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે.

હુકમ લગત, સંબંધિત કોર્ટને તથા પો.સ્ટેશનને જરુરી યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

મુ.પાલનપુર.
તા. ૩૦/૦૫/૨૦૨૬

**(ધર્મેન્દ્ર સુખવાસીભાઈ શ્રીવાસ્તવ)**
છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા – પાલનપુર.
કોડ નં.જી.જે.–૦૦૮૧૯